# હું હવે વડોદરાનો નહીં, પૂરા દેશનો છું : મોદી

## આઝાદી પછીની ચૂંટણીઓમાં કોંગ્રેસ પછી ભાજપ એવો પક્ષ બન્યો છે કે જેણે શાનદાર જીત હાંસલ કરી છે : વડોદરાની જાહેરસભામાં આનંદોત્સવ

ગાંધીનગર, તા. ૧૬

હું હવે ગુજરાત કે વડોદરાનો નહી પૂરા દેશનો છું અને બધાંને સાથે રાખીને ચાલવાનો છું. હું રાજકારણમાં નંબર વન મજદૂર છું. લોકોએ ચૂંટણી નહી મારૂં દિલ જીત્યું છે. -ામાણિકતાથી દેશનું શાસન ચલાવવા મારો સમય સવાસો કરોડ લોકોને સમર્પિત કરી દઈશ. દેશવાસીઓનો -ેમ જોતાં હું આ દેશને એક મજબૂત સરકાર આપવા માગું છું.

ભારતમાં ૨૧?? મે ના રોજ બિન કોંગ્રેસી સરકારના વડા-ધાન બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીએ વડોદરામાં વિજય રેલીને સંબોધન કરતાં આ -કારનું વાક્ય કહ્યું છે. તેમણે હજારોની જનમેદની વચ્ચે કહ્યું હતું કે જે શહેરને મેં માત્ર ૫૦ મિનિટ આપી છે તેણે મને ૫.૭૦ લાખ કરતાં વધારે મતોથી વિજયી બનાવ્યો છે. હું વડોદરા વાસીઓને નમન કરૂં છું. ચૂંટણી પરિણામો પછીની મારી આ પહેલી જાહેર સભા છે.

મોદીએ બપોર સુધી ચૂંટણી પરિણામો જોયાં બાદ પક્ષ કાર્યાલયથી સીધા વડોદરા પહોંચેલા મોદીએ કહ્યું હતું કે ગુજરાતમાં ભાજપને ૨૬ માંથી ૨૬ બેઠકો આપીને લોકોએ -થમવાર વિક્રમ સર્જ્યો છે. ભાજપને ગુજરાતમાં ૬૦ ટકા મતો મળ્યા છે અને આઝાદીના ઈતિહાસમાં કોંગ્રેસ પછી ભાજપ એવી બીજી પાર્ટી છે જે સમગ્ર દેશમાં બહુમત મેળવી શકી છે.

મોદીએ કહ્યું હતું કે આઝાદી સમયે દેશ માટે મરી મિટવાની ભાવના હતી પણ આજે આપણે આઝાદ છીએ. આપણે મરી મિટવાની જરૂર નથી પણ દેશને સુરાજય આપવા માટે જીવવાનો સમય છે. હું ગુજરાતમાં મતદારોનો આભાર માનું છું. દેશની જનતાનો પણ આભારી છું. આપણા માટે સારા દિવસો આજથી શરૂ થઈ ગયા છે. પાંચ વર્ષ માટેનો -વાસ શરૂ થઈ ચૂક્યો છે.

લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કર્યા પછી મોદીએ વડોદરામાં કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી કે રાહુલ ગાંધીની વિરૂદ્ધમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. માત્ર એટલું કહ્યું છે કે વિરોધીઓને આ પરિણામથી આંચકો લાગ્યો છે. મોદીએ ઈન્ડિકેશન આપતાં કહ્યું કે આજે દેશમાં ૨૦૧૯ માટે નવો મતદાર પણ તૈયાર થઈ રહ્યો છે.

# મોદીની પીએમપદે તાજપોશી થશે

## ૩૦ વર્ષના લાંબા ગાળા બાદ અંતે કોઈ એક પાર્ટીને સ્પષ્ટ બહુમતિ : ભાજપને એકલાહાથે ૨૮૩ બેઠકો : સાત રાજ્યોમાં કોંગ્રેસને એક બેઠક પણ ન મળી

નવી દિલ્હી,તા. ૧૬

લોકસભાની ચૂંટણી બાદ આજે આગામી સરકાર કોની બનશે તે બાબત નિશ્ચિત બની હતી. અબ કી બાર મોદી સરકારની બાબત આજે વાસ્તવિક સાબિત થઈ હતી. નરેન્દ્ર મોદીનુ દેશના વડાપ્રધાન બનવાનુ સ્વપ્ન આખરે પૂર્ણ થયું છે. સતત ત્રણ વખત ગુજરાતમા ભાજપને રેકોર્ડ જીત અપાવ્યા બાદ હવે ભાજપને કેન્દ્રમાં પણ મોદીએ ઐતિહાસિક જીત અપાવી છે.

મોદીને વડાપ્રધાન બનાવવાની લોકોની ઈચ્છા હવે પૂર્ણ થઈ છે. વર્ષ ૧૯૮૪ બાદ પ્રથમ વખત કોઈ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળી છે. ૩૦ વર્ષના લાંબા ગાળા બાદ દેશના લોકોએ કોઈ પાર્ટીને બહુમતિ આપી છે. લોકસભાની ચૂંટણીના તમામ પરિણામ જાહેર થઈ ગયા છે. ૫૪૩ બેઠકોના પરિણામ જાહેર થયા બાદ ભાજપને બહુમતિ કરતા પણ વધુ બેઠક એટલે કે ૨૮૩ બેઠક મળી હતી. જ્યારે ટીડીપીને ૧૬ અને ભાજપના અન્ય ઘટક પક્ષોને ગણતા એનડીએને ૩૩૫ બેઠક મળી છે. બીજી બાજુ યુપીએને માત્ર ૫૮ બેઠકો મળી છે જેમાં કોંગ્રેસને ૪૩ બેઠકો મળી છે. એએપીનો પણ નિરાશાજનક દેખાવ રહ્યો છે. જો કે, તે ચાર બેઠક જીતી જવામાં સફળ રહેતા તેને સંતોષ થયો છે. લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ તેમની વારાણસી અને વડોદરા બેઠક પર રેકોર્ડ જીત મેળવી છે. કેન્દ્રના મોટા ભાગના પ્રધાન હારી ગયા હતા. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્રમાં મોટા ભાગની બેઠક પર ભાજપની સ્પષ્ટ જીત થઈ છે. આ રાજ્યોમાં કોંગ્રેસના સુપડા સાફ થયા છે. કોંગ્રેસ તેના ઈતિહાસમાં સૌથી ખરાબ દેખાવ રહ્યો છે. આજે પરિણામ આવવાની શરૂઆત થયા બાદ ચારેય બાજુ મોદી લહેર જોવા મળી હતી.

મતગણતરીને લઈને ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પહેલા જ કરી લેવામાં આવી હતી. મતગણતરી શરૂ થયા બાદ પ્રવાહ મળવાની શરૂઆત થઈ હતી. મતગણતરીની પ્રક્રિયા સવારે આઠ વાગે શરૂ થઈ હતી અને ૧૧ વાગ્યા સુધી પ્રવાહ ઉપલબ્ધ બનવા લાગી ગયા હતા. કુલ ૯૮૯ મતગણતરી કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા હતા. પ્રથમ પ્રવાહ સવારે ૮.૩૦ વાગે મળતા લોકોમાં ઉત્સુકતા રહી હતી. સવારે ૧૧ વાગ્યા સુધી સૌથી મોટા પક્ષ અને ચૂંટણી પૂર્વેના સૌથી મોટા ગઠબંધનનુ ચિત્ર સ્પષ્ટ થઈ



ગયું હતુ. વાસ્તવિક ગણતરી સવારે આઠ વાગે શરૂ થઈ હતી. પ્રાથમિક તૈયારી સવારે પાંચ વાગે શરૂ થઈ હતી. એ વખતે જિલ્લા ચૂંટણી અધિકારી અને નિરીક્ષકો ભેગા થઈ ગયા હતા. અધિકારીઓ પણ આવી ગયા હતા. સવારે છ વાગે સુધી કાઉન્ટિંગ સેન્ટર ખાતે રીટર્નિંગ અધિકારીને મતદાનકેન્દ્ર વાઈઝ પોસ્ટિંગ યાદી સોંપી દેવામાં આવી હતી. ત્યારબાદ મતગણતરી કરનાર સ્ટાફના સભ્યો ટેબલ પર તેમની જગ્યા સંભાળી લીધી હતી. સૌથી પહેલા મતપત્રકોની ગણતરી કરવામાં આવી હતી.

જ્યારે ઈવીએમમાં મતની ગણતરી ટપાલ મારફતે આવેલા પત્રોની ગણતરી કરવામાં આવ્યાના અડધા કલાક બાદ શરૂ થઈ હતી. ભાજપે તમામ રાજ્યોમાં શાનદાર દેખાવ કર્યો છે. કોંગ્રેસે સાત રાજ્યોમાં ખાતુ ખોલવામાં પણ સફળતા મેળવી નથી. એનડીએ ગઠબંધનનો ધરખમ દેખાવ રહ્યો છે. ભારતીય ચૂંટણીના ઈતિહાસમાં પ્રથમ વખત કોંગ્રેસનો અતિ કંગાળ દેખાવ રહ્યો છે. એક્ઝિટ પોલ કરતા પણ વધુ સારો દેખાવ એનડીએનો રહ્યો છે.

## ગુજરાતમાં લોકસભા બેઠકની સરસાઈની વિગતો

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ - જામ નગર | આહિર વિક્રમભાઈ અરજણભાઈ માડમ | ભારાકો | ૩૦૯૧૨૩ | ૧૭૫૨૮૯ |
| | પૂનમબેન હેંમતભાઈ માડમ | ભાજપ | ૪૮૪૪૧૨ | |
| ૧૩ - જૂનાગઢ | ચુડાસમા રાજેશભાઈ નારણભાઈ | ભાજપ | ૫૧૩૧૭૯ | ૧૩૫૮૩૨ |
| | પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ભારાકો | ૩૭૭૩૪૭ | |
| ૧૪ - અમરેલી | કાછડીયા નારણભાઈ ભીખાભાઈ | ભાજપ | ૪૩૬૭૧૫ | ૧૫૬૨૩૨ |
| | ઠુમ્મર વિરજીભાઈ કેશવભાઈ (વિરજીભાઈ ઠુમ્મર) | ભારાકો | ૨૮૦૪૮૩ | |
| ૧૫ - ભાવ નગર | ડૉ. ભારતીબેન ધીરૂભાઈ શિયાળ | ભાજપ | ૫૪૯૫૨૯ | ૨૯૫૪૮૮ |
| | -વિણભાઈ ઝીણાભાઈ રાઠોડ | ભારાકો | ૨૫૪૦૪૧ | |
| ૧૬ - આણંદ | દિલીપભાઈ પટેલ | ભાજપ | ૪૯૦૮૨૯ | ૬૩૪૨૬ |
| | સોલંકી ભરતભાઈ માધવસિંહ | ભારાકો | ૪૨૭૪૦૩ | |
| ૧૭ - ખેડા | ચૌહાણ દેવુસિંહ જેસીંગભાઈ (ચૌહાણ દેવુસિંહ) | ભાજપ | ૫૬૮૨૩૫ | ૨૩૨૯૦૧ |
| | દિનશા ઝવેરભાઈ પટેલ | ભારાકો | ૩૩૫૩૩૪ | |
| ૧૮ - પંચ મહાલ | ચૌહાણ -ભાતસિંહ -તાપસિંહ | ભાજપ | ૫૦૮૨૭૪ | ૧૭૦૫૯૬ |
| | પરમાર રામસિંહ | ભારાકો | ૩૩૭૬૭૮ | |
| ૧૯ - દાહોદ | ભાભોર જસવંતસિંહ સુમનભાઈ | ભાજપ | ૫૧૧૧૧૧ | ૨૩૦૩૫૪ |
| (અ. જ. જા.) | તાવિયાડ ડો.-ભાબેન કિશોરસિંહ | ભારાકો | ૨૮૦૭૫૭ | |
| ૨૦ - વડોદરા | નરેન્દ્ર મોદી | ભાજપ | ૮૪૫૪૬૪ | ૫૭૦૧૨૮ |
| | મિસ્ત્રી મધુસુદન દેવરામ | ભારાકો | ૨૭૫૩૩૬ | |
| ૨૧ - છોટા ઉદેપુર | નારણભાઈ જેમલાભાઈ રાઠવા | ભારાકો | ૪૨૮૧૮૭ | ૧૭૯૮૦૯ |
| | રાઠવા રામસિંગભાઈ | ભાજપ | ૬૦૭૯૧૬ | |
| ૨૨ - ભરૂચ | જયેશભાઈ અંબાલાલભાઈ પટેલ (જયેશ કાકા) | ભારાકો | ૩૯૫૬૨૯ | ૧૫૩૨૭૩ |
| | મનસુખભાઈ ધનજીભાઈ વસાવા | ભાજપ | ૫૪૮૯૦૨ | |
| ૨૩ - બારડોલી | વસાવા પરભુભાઈ નાગરભાઈ | ભાજપ | | |
| (અ. જ. જા.) | ચૌધરી તુષારભાઈ અમરસિંહભાઈ | ભારાકો | | |
| ૨૪ - સુરત | જરદોશ દર્શના વિક્રમભાઈ | ભાજપ | ૭૧૮૪૧૨ | ૫૩૩૧૯૦ |
| | દેસાઈ નૈષધભાઈ ભુપતભાઈ | ભારાકો | ૧૮૫૨૨૨ | |
| ૨૫ - નવસારી | સી.આર.પાટીલ | ભાજપ | ૮૨૦૮૩૧ | ૫૫૮૧૧૬ |
| | મકસુદ મિર્ઝા | ભારાકો | ૨૬૨૭૧૫ | |
| ૨૬ - વલસાડ | કિશનભાઈ વેસ્તાભાઈ પટેલ | ભારાકો | ૪૦૯૭૬૮ | ૨૦૮૦૦૪ |
| | ડો. કે. સી. પટેલ | ભાજપ | ૬૧૭૭૭૨ | |

## સાડા ચાર લાખ મતદારોએ નોટાથી નારાજગી દર્શાવી

### ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૧૨,૫૯૩ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો

ગાંધીનગર, તા. ૧૬

૧૬મી લોકસભાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં રાજ્યના ૧.૮ ટકા મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. સામાન્ય ચૂંટણીમાં પ્રથમ જ વાર ઉમેદવારની પસંદગીને લઈ મતાધિકારના ઉપયોગથી ઉમેદવારોને નકારવા માટેનો અભિગમ અમલમાં મુકાયો હતો. રાજયમાં ૪,૫૪,૦૦૦ હજાર મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૨,૫૯૩ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો.

## ૫,૧૩,૬૫૮ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો

આ વખતની લોકસભા ચૂંટણી ઐતિહાસિક બની રહી તેમાં ચૂંટણીપંચનો પણ ખુબ મોટો હિસ્સો છે. આ વખતે મતદારોએ કોઈ ઉમેદવારની પસંદગી ન કરવાનો વિકલ્પ પણ નોટા બટન સ્વરૂપે અપાયો હતો. આ બટનનો ઉપયોગ દેશના અડધા કરોડથી વધુ મતદારોએ કર્યો હતો. ચૂંટણી પંચે આપેલા આંકડાઓ અનુસાર કુલ ૫,૧૩,૬૫૮ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો.

## સુપડા સાફ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેમના નેતૃત્વમાં ભારત સાથે તેમના દેશના સંબંધો વધુ સુદઢ બનશે તેવી શુભકામના વ્યક્ત કરી હતી. ભાજપે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ રાજસ્થાન, દિલ્હી, હિમાચલ પ્રદેશ, જેવા સાત રાજ્યોમાં કોંગ્રેસને સમ ખાવા પૂરતી એક પણ બેઠક જીતવા નહીં દેતા દેશની આઝાદી બાદ કોઈપણ એક રાજકીય પક્ષમાં આ પ્રકારનો આ એક ઐતિહાસિક વિજય હતો. જેના તમામ માધ્યમો સહિત રાજકીય પક્ષોના આગેવાનો તથા દેશ-વિદેશના રાજનેતાઓએ પણ વધાવી લીધો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારથી જ તેમના નિવાસસ્થાને રહી ટીવી ચેનલો ઉપર પરીણામો નિહાળ્યા હતા. અને ભાજપના વિજયનું ચિત્ર સ્પષ્ટ બનતા ભાજપના નેતાઓ તથા શુભેચ્છકોના અભિનંદનના પણ ફોન રીસીવ કર્યા હતા. બપોરે નરેન્દ્ર મોદીએ નિવાસસ્થાનેથી નિકળી સૌ પ્રથમ તેમની માતાના આશીર્વાદ લેવા ગયા હતા. અને ત્યારબાદ તેઓ ભાજપના પ્રદેશ કાર્યાલય મંગલમ્ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ભાજપના પ્રદેશ આગેવાનો તથા કાર્યકરોએ તેમનું શાનદાર અભિવાદન કર્યું હતું. અને દેશના આગામી વડાપ્રધાન પદ માટે તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ કાર્યાલય ખાતે થોડો સમય રોકાયા બાદ નરેન્દ્ર મોદી બપોરે વડોદરા પહોંચ્યા હતા જ્યાં તેમને એક રેલી યોજી વડોદરાના ભાજપના કાર્યકરો તથા મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. અને રાષ્ટ્ર સમક્ષ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. વડોદરાની રેલી પતાવ્યા બાદ નરેન્દ્ર મોદીએ અમદાવાદના ધરણીધર દેરાસર ખાતે પણ જાહેર યોજી દેશના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. અને ભાજપની શાનદાર જીતની ઉજવણીમાં સહભાગી થયા હતા.

## પેટા ચૂંટણીમાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચૂંટણી જીત્યા છે. સોમનાથની બેઠક ઉપર કોંગ્રેસમાંથી આવેલા ભાજપના ઉમેદવાર જશાભાઈ બારડ કોંગ્રેસ નિશાંત ચોટાઈને હરાવી આ બેઠક જીતી ગયા છે. હિમ્મતનગરની બેઠક પર ભારે ખેંચતાણના અંતે કોંગ્રેસના ઉમેદવાર ડો. વિપુલ રમણભાઈ પટેલને ભાજપના રાજેન્દ્રસિંહ ચાવડાએ હરાવી વિજય મેળવ્યો છે. જ્યારે માંડવી બેઠક પર કોંગ્રેસના આનંદ ચૌધરીએ ભાજપના હેમલતાબેન મહેશભાઈ વસાવાને હરાવ્યા હતા. આમ એક તરફ લોકસભાની ચૂંટણી પરીણામમાં નરેન્દ્ર મોદીનો વેવ જોવા મળતો હતો ત્યારે ગુજરાત વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણીમાં કોંગ્રેસને સાતમાંથી ચાર બેઠકો મળતા ઉલટી ગંગા જેવી સ્થિતિ સર્જાઈ હતી.

## કયા રાજ્યમાં કોને કેટલી સીટ

| ગુજરાત | |
|---|---|
| કુલ બેઠક | ૨૬ |
| પરિણામ જાહેર | ૨૬ |
| ભાજપ | ૨૬ |
| કોંગ્રેસ | ૦૦ |
| એએપી | ૦૦ |
| સપા | ૦૦ |

| બિહાર | |
|---|---|
| કુલ બેઠક | ૪૦ |
| પરિણામ જાહેર | ૪૦ |
| ભાજપ | ૨૨ |
| અન્ય | ૦૧. |
| જેડીયુ | ૦૨ |
| આઈએનડી | ૦૦ |
| સીપીઆઈ | ૦૦ |
| આરએલએસપી | ૦૩ |
| કોંગ્રેસ | ૦૨ |
| એલજેપી | ૦૬ |

| આંધ્રપ્રદેશ | |
|---|---|
| કુલ બેઠક | ૪૨ |
| પરિણામ જાહેર | ૪૨ |
| અન્ય | ૦૧ |
| આઈએનડી | ૦૦ |
| ભાજપ | ૦૩ |
| ટીડીપી | ૧૬ |
| વાયએસઆર | ૦૯ |
| એએપી | ૦૦ |
| કોંગ્રેસ | ૦૧ |
| ટીઆરએસ | ૧૨ |
| એનસીપી | ૦૦ |

| દિલ્હી | |
|---|---|
| કુલ બેઠક | ૦૭ |
| પરિણામ જાહેર | ૦૭ |
| ભાજપ | ૦૭ |
| કોંગ્રેસ | ૦૦ |
| એએપી | ૦૦ |

| છત્તીસગઢ | |
|---|---|
| કુલ બેઠક | ૧૧ |
| પરિણામ જાહેર | ૧૧ |
| એએપી | ૦૦ |
| ભાજપ | ૧૦ |
| કોંગ્રેસ | ૦૧ |
| બસપ | ૦૦ |
| જેડીયુ | ૦૦ |

| હરિયાણા | |
|---|---|
| કુલ બેઠક | ૧૦ |
| પરિણામ જાહેર | ૧૦ |
| કોંગ્રેસ | ૦૧ |
| આઈએનએલડી | ૦૨ |
| ભાજપ | ૦૭ |

| ઝારખંડ | |
|---|---|
| કુલ બેઠક | ૧૪ |
| પરિણામ જાહેર | ૧૪ |
| ભાજપ | ૧૨ |
| જેએમએમ | ૦૨ |
| કોંગ્રેસ | ૦૦ |
| આરજેડી | ૦૦ |

| અરૂણાચલ | |
|---|---|
| કુલ બેઠક | ૦૨ |
| પરિણામ જાહેર | ૦૨ |
| ભાજપ | ૦૧ |
| કોંગ્રેસ | ૦૧ |

| અંદમાન નિકોબાર | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| ભાજપ | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |

| હિમાચલ | |
|---|---|
| કુલ બેઠક | ૦૪ |
| પરિણામ જાહેર | ૦૪ |
| ભાજપ | ૦૪ |
| કોંગ્રેસ | ૦૦ |
| કુલ બેઠક | ૨૯ |
| પરિણામ જાહેર | ૨૯ |
| ભાજપ | ૨૭ |
| કોંગ્રેસ | ૦૨ |

| મહારાષ્ટ્ર | |
|---|---|
| કુલ બેઠક | ૪૮ |
| પરિણામ જાહેર | ૪૮ |
| ભાજપ | ૨૪ |
| એનસીપી | ૦૪ |
| કોંગ્રેસ | ૦૧ |
| એસએચએસ | ૧૯ |
| એએપી | ૦૦ |

| ઉત્તરપ્રદેશ | |
|---|---|
| કુલ બેઠક | ૮૦ |
| પરિણામ જાહેર | ૮૦ |
| બસપ | ૦૦ |
| સપા | ૦૫ |
| ભાજપ | ૭૧ |
| કોંગ્રેસ | ૦૨ |

| | |
|---|---|
| એએપી | ૦૦ |
| અન્ય | ૦૨ |

| પશ્ચિમ બંગાળ | |
|---|---|
| કુલ બેઠક | ૪૨ |
| પરિણામ જાહેર | ૪૨ |
| કોંગ્રેસ | ૦૪ |
| ભાજપ | ૦૨ |
| સીપીઆઈએમ | ૦૨ |
| એઆઈટીસી | ૩૪ |

| રાજસ્થાન | |
|---|---|
| કુલ બેઠક | ૨૫ |
| પરિણામ જાહેર | ૨૫ |
| ભાજપ | ૨૫ |
| કોંગ્રેસ | ૦૦ |
| એએપી | ૦૦ |

| પંજાબ | |
|---|---|
| કુલ બેઠક | ૧૩ |
| પરિણામ જાહેર | ૧૩ |
| એએપી | ૦૪ |
| કોંગ્રેસ | ૦૩ |
| અકાળી દળ | ૦૪ |
| ભાજપ | ૦૨ |

| ત્રિપુરા | |
|---|---|
| કુલ બેઠક | ૦૨ |
| પરિણામ જાહેર | ૦૨ |
| સીપીઆઈએમ | ૦૨ |
| કોંગ્રેસ | ૦૦ |

| સિક્કિમ | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| એસડીએફ | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |

| ઓરિસ્સા | |
|---|---|
| કુલ બેઠક | ૨૧ |
| પરિણામ જાહેર | ૨૧ |
| બીજેડી | ૨૦ |
| ભાજપ | ૦૧ |
| એએપી | ૦૦ |
| કોંગ્રેસ | ૦૦ |

| નાગાલેન્ડ | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| એનજીએફ | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |

| મિઝોરમ | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| કોંગ્રેસ | ૦૧ |
| એએપી | ૦૦ |

| મેઘાલય | |
|---|---|
| કુલ બેઠક | ૦૨ |
| પરિણામ જાહેર | ૦૨ |
| કોંગ્રેસ | ૦૧ |
| એનપીપી | ૦૧ |

| મણિપુર | |
|---|---|
| કુલ બેઠક | ૦૨ |
| પરિણામ જાહેર | ૦૨ |
| કોંગ્રેસ | ૦૨ |
| એએપી | ૦૦ |

| કેરળ | |
|---|---|
| કુલ બેઠક | ૨૦ |
| પરિણામ જાહેર | ૨૦ |
| અન્ય | ૦૧ |
| આઈએનડી | ૦૨ |
| ભાજપ | ૦૦ |
| સીપીઆઈએમ | ૦૫ |
| કોંગ્રેસ | ૦૮ |
| આરએસપી | ૦૧ |
| આઈયુએમએલ | ૦૨ |
| કેસીએમ | ૦૧ |

| લક્ષ્યદ્વીપ | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| એનસીપી | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |

| જમ્મુ કાશ્મીર | |
|---|---|
| કુલ બેઠક | ૦૬ |
| પરિણામ જાહેર | ૦૬ |
| પીડીપી | ૦૩ |
| ભાજપ | ૦૩ |
| એનસી | ૦૦ |

| દમણ દિવ | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| ભાજપ | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |

| દાદરાનગર હવેલી | |
|---|---|
| કુલ બેઠક | ૦૧ |
| પરિણામ જાહેર | ૦૧ |
| કોંગ્રેસ | ૦૦ |
| ભાજપ | ૦૧ |